## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર
## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૦૯ થી ૧૫ નવેમ્બર, ૨૦૧૫)
## (૫૨મું અઠવાડિયું)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| રાજય/ જીલ્લો | નવેમ્બર મહિનામાં વરસાદ (મીમી) તારીખ મુજબ | | | | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | |
| **ગુજરાત** | | | | | | | | |
| અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | કપાસનો પાક ફુલ અને જીંડવા અવસ્થાએ છે.વધુપડતી લાલ પાનની સમસ્યા ધરાવતી કપાસની બોલગાર્ડ–૨ જાતો ઓળખવી જેથી બીજી સીઝનમાં ઉપયોગ ટાળી શકાય .<br>**ગુલાબી ઈયળ :** સીઆઈસીઆર, નાગપુર દ્રારા જુનાગઢ,અમરેલી, ભરૂચ અને ભાવનગરમાં કપાસની બોલગાર્ડ–૨ જાતોમાં અસ્તવ્યસ્ત પધ્ધતિથી લીલાં જીંડવાની ચકાસણી કરતાં ૧૦ થી ૮૦ ટકા ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળેલ છે. સુરત અને રાજકોટમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ પ્રમાણમાં ઓછો જયારે સુરેન્દ્રનગર અને આણંદમાં નહિવત જોવા મળેલ છે. ગુલાબી ઈયળનો ઉપદ્રવ જુનાગઢ, ભરૂચ અને અમરેલીમાં વધુ પ્રમાણમાં જોવા મળેલ છે. ગુલાબી ઈયળની મોજણી માટે હેકટર દીઠ ૫ થી ૬ ફેરોમોન ટ્રેપ લગાડવાની તેમજ સરેરાશ ૮ ફુદાં પ્રતિ ફેરોમોન ટ્રેપ મુજબ સતત ત્રણ દિવસ સુધીની આર્થિક ક્ષમ્યમાત્રાએ અથવા ૧૦ ટકા જીંડવામાં નુકસાન અને ઈયળની હાજરીની આર્થિક ક્ષમ્યમાત્રાએ જોવા મળે તો સીન્થેટીક પાયરેથ્રોઈડ દવાનો છંટકાવ કરવો. જો ગુલાબી ઈયળ માટે નિગાહ રાખવામાં આવશે નહિ તો વધુ નુકશાન થવાની શકયતા રહેલ છે. બજારમાં મળતી મિશ્ર દવાનો ઉપયોગ ટાળવો અન્યથા સફેદ માખીનો ઉપદ્રવ વધી શકે. ખેડુતોને ડીસેમ્બર સુધીમાં કપાસની વીણી પુરી કરી, પાક કાઢી નાંખવાની સલાહ આપવામાં આવે છે. બિન જરૂરી ૨૦૧૬ના વર્ષમાં પાક લંબાવવાનું ટાળવું. પાકને સમયસર ખેતરમાંથી કાઢી નાંખવાથી ગુલાબી ઈયળનો ઉપદ્રવ ઘટશે અને તેમાં બીટી કપાસ સામે વિકસતી પ્રતિકારકતા ઘટી શકે. હજી પણ કેટલીક જગ્યાએ ગત વર્ષની કરસાંઠીઓના શેઢાપાળા ઉપર ઢગલાં જોવા મળેલ છે જેનો તાત્કાલીક બાળીને નાશ કરવો. ગોડાઉન અથવા ઘરે સંગ્રહિત કરેલ કપાસમાંથી ગુલાબી ઈયળનો ફેર–ઉપદ્રવ થવાની શકયતા રહેલી હોય છે. જો આવા કપાસનાં બીજમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળે તો તાત્કાલીક બાળીને નાશ કરવો. |
| ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સાંબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |